અપીલ અરજી નં.૨૯૮ તા.૧૪–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી આઈ.જે. પટેલ
સામાવાળાઃ–(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)
(૨) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
(૩)વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી આઈ.જે. પટેલની તા.૧૬–૧૦–૦૯ ની અરજીથી (૧) હમોએ તા.૨૨–૧૨–૦૮ ના રોજ કમિશ્નરશ્રી રૂબરૂ મળી ફરીયાદ કરેલ તેમાં તેમણે કરાવેલ ઈન્કવાયરી ના રીપોર્ટ પર તા.૬–૭–૦૯ ના રોજ કરેલ હુકમની ટ્રુ કોપી આપશો. (૨) શહેર વિકાસ ખાતાનો જહાંગીરપુરાની જમીનનો હવાલો સંભાળતા અધિકારી શ્રી નિરીશભાઈ મનુભાઈ પટેલને આ અગાઉ સસ્પેન્ડ કરેલ તેના સસ્પેશન હુકમની ટ્રુકોપી આપશો. (૩) મોજે જહાંગીરપુરાના રે.સ. નં.–૧૦૦/૪ બ્લોક નં.૧૧૬ પૈકી પ્લોટ નં.૪૧ આ જમીનનો હવાલો સંભાળતા શહેરવિકાસ ખાતાના અધિકારી શ્રી નિરિશભાઈ મનુભાઈ પટેલ એ તેમની પત્નિ નીતાબેન નિરિશભાઈ પટેલના નામનો વેચાણ દસ્તાવેજ તા૧૮–૧૦–૦૭ ના રોજ કરાવેલો જે માટે તેમણે ગુજરાત રાજય સેવા (વર્તણૂંક)નિયમો ૧૯૭૧ ના નિયમ નં.૬ યા ૭ મુજબ નિયત સત્તાધિકારીનીપરવાનગી લીધી હોય તો તેની માહિતીની ટ્રુ કોપી આપશો.જો ન લીધી હોય તો તેના કારણોની માહિતી આપશો. (૪) શહેર વિકા સ ખાતાના અધિકારી શ્રી નિરિશભાઈ મનુભાઈ પટેલ ની જયારે સુરત મહાનગરપાલિકામાં નિમણુંક થઈ ત્યારે અને ત્યારબાદ દર વરસે ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો ૧૯૭૧ ના નિયમ–૫ મુજબ તેને પોતાના અથવા તેના કુટુંબના કોઈ વ્યકિતના નામે વારસામાં મળેલ અથવા ગીરતે સંપાદન કરેલી સ્થાવર મિલ્કત સંબંધે પુરેપુરી વિગતો આપતું સ્થાવર અસ્કયામતોના પત્રકની માહીતીની ટ્રુ કોપી આપશો. (૫) જહાંગીરપુરાના રે.સ. નં.–૧૦૦/૪ બ્લોક નં.૧૬ વાળી જમીન અંગે રે.દી.મુ.નં.૩૫૫/૦૬ ના ચુકાદાનો અમલ કરવાની એન.એ. પરવાનગી આપી હોય તો સીટી મામલતદારે શ્રી ભરવાડનો તા.૪–૮–૦૬ ના રોજ તકરારી કેસ નં.૫/૦૬ નો હુકમ પણ ઉપરોકત દાવાના ચુકાદાને આધીન આપેલ હોય તેમજ દાવાની દાવા અરજી તથા મનાઈ અરજી ની નકલ તા.૨૧–૮–૦૬ ના રોજ રજુ કર્યા બાદ મહાનગરપાલિકાના કાયદા વિભાગનો તેમજ મહાનગરપાલિકાના પેનલ એડવોકેટનો મંગાવેલ અભિપ્રાય ની ટ્રુ કોપી આપશો અને જો ન મંગાવેલ હોય તો તે ન મંગાવવાના કારણોની માહિતી આપશો.(૬)રે.દી.મુ.નં.૩૫૫/૦૬ ના ચુકાદાને આધીન આપેલ હુકમનું અર્થઘટન શું કરો છો? ચુકાદાને મહત્વ આપો છો કે મનાઈ હુકમ ને મહત્વ આપો છો? ચુકાદાનો અમલ કરશો/કે કરાવશો? (૭) જહાંગીરપુરા સર્વે નં.૧૦૦/૪ , બ્લોક નં.૧૧૬ વાળી જમીન માટે શહેર વિકાસ ખાતામાંથી બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ કલમ–૬૫ હેઠળ એન.એ કરવા માટે આપેલ સૈધ્ધાંતિક લેટરની ટ્રુ કોપી આપવા માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૯૮/૨૦૦૯–૧૦

શ્રી આઈ.જે. પટેલની તા.૧૬–૧૦–૦૯ ની અરજીથી માંગેલ માહિતી બાબતે ડાયરેટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં.ટી.ડી.ઓ./૩૧૧૭ તા.૧૦–૧૧–૦૯થી આપેલ મુદ્દા નં.૫,૬ અને ૭ની માહિતી તથા ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૫૦તા.૧૩–૧૧–૦૯ થી મુદ્દા નં. ૨થી ૪ની આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૪૨ તા.૨૨–૧૨–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) અને ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને મુદ્દા નં.૧ માં ૨૨–૧૨–૦૮ ના રોજ કમિશ્નરશ્રીને રૂબરૂ મળી ફરીયાદ કરેલ અરજીનો ઉલ્લેખ કરેલ છે પણ નકલ બીડેલ નથી તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૩૧–૧૨–૦૯ ના રોજ પાઠવેલ પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જેમાં અરજદારે તા.૨૨–૧૨–૦૮ ના રોજ જાહેર જનતાને મળવાના સમય દરમ્યાન રૂબરૂ મળી મૌખિક ફરીયાદ કરેલ જેથી મારી પાસે આ ફરીયાદની કોઈ નકલ નથી. આ અંગે જરૂરી માહિતી વીજીલન્સ ખાતામાંથી મેળવી લેશો. તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારીઓ તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૩૧૬૨ તા.૮–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, ડીસ્પેચને લગતા નાશ કરવા જોગ રેકર્ડની માહિતી દર્શાવતું પત્રક, ગુજરાત રાજય સેવા વર્તણૂંકના નિયમો ૧૯૭૧ ના નિયમો ૬ અને ૭ ની જોગવાઈ બાબતેની નકલ, મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક શહેર વિકાસ તરફથી મુદ્દા નં.૧ અંગે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા મુદ્દા નં.૨ અને ૪ માટે પર્સોનલ ઓફિસર મહેકમ અને મ. જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ પત્ર નં.ટીડીઓ/૩૦૩૫ તા.૬–૧૧–૦૯ ના તબદીલ પત્રની નકલ, સેન્ટ્રલઝોનમાંથી ટાઉન પ્લાનરશ્રી શહેર વિકાસ વિભાગને સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૦૯ તા.૨૩–૧૦–૦૯ થી કરાવેલ તબદીલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૫૦ તા.૧૩–૧૧–૦૯ ના પત્રની નકલ, મજકુરના ફરજ મૌકુફીની નોંધ દર્શાવતા પત્રકની નકલ,મજકુર કર્મચારીની સને ૨૦૦૫ અને ૨૦૦૮ ના પ્રોપર્ટી પત્રકની નકલ તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.વીઆઈડી/૧૧૧૦ તા.૧૬–૧૧–૦૯ થી આપેલ માહિતી પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૬–૧૦–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે મુદ્દા નં.૧ થી ૭ ની માંગવામાં આવેલ છે જેમાં મુદ્દા નં.(૧) હમોએ તા.૨૨–૧૨–૦૮ ના રોજ કમિશ્નરશ્રી રૂબરૂ મળી ફરીયાદ કરેલ તેમાં તેમણે કરાવેલ ઈન્કવાયરી ના રીપોર્ટ પર તા.૬–૭–૦૯ ના રોજ કરેલ હુકમની ટ્રુ કોપી આપશો. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં વીજલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.વીઆઈડી/૧૧૧૦ તા.૧૬–૧૧–૦૯ થી રૂા.૧૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. તેવી માહિતી બાબતે અરજદારે નકલ આપેલ છે પરંતુ ટ્રુ કોપી આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે.મુદ્દા નં. (૨) શહેર વિકાસ ખાતાનો જહાંગીરપુરાની જમીનનો હવાલો સંભાળતા અધિકારી શ્રી નિરીશભાઈ મનુભાઈ પટેલને આ અગાઉ સસ્પેન્ડ કરેલ તેના સસ્પેશન હુકમની ટ્રુ કોપી આપશો. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ડે.કમિશ્નર(૫અનેઈ)અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૫૦ તા.૧૩–૧૧–૦૯ થી શ્રી નિરિશ એમ. પટેલ (કર્મ. નં.૧૦૩૯૪) સુપરવાઈઝર ટાઉન પ્લાનીંગ વિભાગને હુકમ નં.૫૪૫૪ તા.૯–૨–૯૦ થી ફરજ મૌકુફી હેઠળ મુકયાની નોંધ છે. જે ઘણા લાંબા સમયની વિગત હોવાથી તપાસ કરતાં રેકર્ડ ઉપરથી તે હુકમની નકલ મળી આવેલ

નથી. તેવી માહિતી આપેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ જમા કે નાશ અંગેની યાદીની કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. મુદ્દા નં.(૩) મોજે જહાંગીરપુરાના રે.સ. નં.–૧૦૦/૪ બ્લોક નં.૧૧૬ પૈકી પ્લોટ નં.૪૧ આ જમીનનો હવાલો સંભાળતા શહેરવિકાસ ખાતાના અધિકારી શ્રી નિરિશભાઈ મનુભાઈ પટેલે તેમની પત્નિ નીતાબેન નિરિશભાઈ નામનો વેચાણ દસ્તાવેજ તા.૧૮–૧૦–૦૭ ના રોજ કરાવેલો જે માટે તેમણે ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો ૧૯૭૧ ના નિયમ નં.૬ યા ૭ મુજબ નિયત સત્તાધિકારીનીપરવાનગી લીધી હોય તો તેની માહિતીની ટ્રુ કોપી આપશો.જો ન લીધી હોય તો તેના કારણોની માહિતી આપશો. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમ–૧૯૭૧ ના નિયમ–૬ કે ૭ માં આવી જોગવાઈ જણાતી નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. સાથે તે અંગેની જોગવાઈ બાબતેની નકલ પણ રજૂ કરેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો૧૯૭૧ ના નિયમ–૬ કે ૭ માં આવી જોગવાઈ ન હોવાનું જણાવી આ બાબત અંગે ઉડાઉ જવાબ આપી મજકુર કર્મચારીને છાવરવાની કોશિશ કરવામાં આવી રહી છે તેવી રજૂઆત કરેલ છે.મુદ્દા નં.(૪) શહેર વિકાસ ખાતાના અધિકારી શ્રી નિરિશભાઈ મનુભાઈ પટેલની જયારે સુરત મહાનગરપાલિકામાં નિમણુંક થઈ ત્યારે અને ત્યારબાદ દર વરસે ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો ૧૯૭૧ ના નિયમ–૫ મુજબ તેને પોતાના અથવા તેના કુટુંબના કોઈ વ્યકિતના નામે વારસામાં મળેલ અથવા ગીરતે સંપાદન કરેલી સ્થાવર મિલ્કત સંબંધે પુરેપુરી વિગતો આપતું સ્થાવર અસ્કયામતોના પત્રકની માહિતીની ટ્રુ કોપી આપશો. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારીએ શ્રી એન. એમ. પટેલ કર્મચારી નં.૧૦૩૯૪ જુની. ઈજનેરે તા.૩૧–૧૨–૦૫ અને તા.૩૧–૧૨–૦૮ ની સ્થિતિમાં દર્શાવેલ મિલ્કત સંદર્ભેના ફોર્મની નકલ સામેલ છે. જે અંગે અરજદારે અપીલ અરજીમાં ટ્રુ કોપી આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. (૫) જહાંગીરપુરાના રે.સ. નં.–૧૦૦/૪ બ્લોક નં.૧૬ વાળી જમીન અંગે રે.દી.મુ.નં.૩૫૫/૦૬ ના ચુકાદાનો અમલ કરવાની એન.એ. પરવાનગી આપી હોય તો સીટી મામલતદારે શ્રી ભરવાડનો તા.૪–૮–૦૬ ના રોજ તકરારી કેસ નં.૫/૦૬ નો હુકમ પણ ઉપરોકત દાવાના ચુકાદાને આધીન આપેલ હોય તેમજ દાવાની દાવા અરજી તથા મનાઈ અરજી ની નકલ તા.૨૧–૮–૦૬ ના રોજ રજુ કર્યા બાદ મહાનગરપાલિકાના કાયદા વિભાગનો તેમજ મહાનગરપાલિકાના પેનલ એડવોકેટનો મંગાવેલ અભિપ્રાય ની ટ્રુ કોપી આપશો અને જો ન મંગાવેલ હોય તો તે ન મંગાવવાના કારણોની માહિતી આપશો. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ટીડીઓ/૩૧૧૭ તા.૧૦–૧૧–૦૯ થી આપેલી માહિતી બાબતે સુરત મહાનગરપાલિકાના કાયદા વિભાગનો કે પેનલ એડવોકેટશ્રીનો અભિપ્રાય પુછાવેલ નથી. આવો અભિપ્રાય ન મંગાવવાના કારણોની માહિતી બાબતે જણાવવાનું કે રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૨(છ) તેમજ ૨( ટ) મુજબ રેકર્ડની વ્યાખ્યામાં ન આવતું હોવાથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ સ્પષ્ટતાઓ કે ખુલાસાઓ આપવાનો પ્રશ્ન રહેતો નથી. તેવી માહિતી આપેલ. જેના સંદર્ભે અરજદારે અપીલમાં સદર પ્ર શ્નવાળી તકરારી જમીનનો પ્લાન તથા બાંધકામની રજાચિઠ્ઠી આપવામાં લાંચ ખાલી હોવાથી કાયદા વિભાગમાં કે સુરત મહાનગરપાલિકાના એડવોકેટનો અભિપ્રાય જાણી જોઈને પુછાવેલ નહીં અને અભિપ્રાય ન મંગાવવના કારણો આરટીઆઈ એકટની કલમ–૨(છ) તેમજ ૨ (ટ) મુજબ આવતું ન હોવાનું જણાવી ગોળ ગોળ જવાબ આપેલ છે અને કાયદાની માહિતીની વ્યાખ્યામાં આવે છે કે માહિતી આપવા તેઓ બંધાયેલ છે. તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. મુદ્દા નં.(૬)રે.દી.મુ.નં.૩૫૫/૦૬ ના ચુકાદાને આધીન આપેલ હુકમનું અર્થઘટન શું કરો છો? ચુકાદાને મહત્વ આપો છો કે મનાઈ હુકમ ને મહત્વ આપો છો? ચુકાદાનો અમલ કરશો/કે કરાવશો? તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં માંગવામાં આવેલી માહિતી બાબતે જણાવવાનું કે રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૨ (છ) કે ૨ (ટ) મુજબની રેકર્ડની વ્યાખ્યામાં ન આવતું હોવાથી આરટીઆઈ એકટ હેઠળ સ્પષ્ટતાઓ કે ખુલાસાઓ આપવાનો પ્રશ્ન ઉભો રહેતો નથી. તેવી માહિતી આપેલ છે. જેના સંદર્ભ અરજદારે રેકર્ડની વ્યાખ્યામાં આવતું ન જણાવી માહિતી આપવામાંથી છટકવાનો બાલીશ પ્રયત્ન કરેલ છે. તેવી રજૂઆત કરેલ છે. (૭) જહાંગીરપુરા સર્વે નં.૧૦૦/૪ , બ્લોક નં.૧૧૬ વાળી જમીન માટે શહેર વિકાસ ખાતામાંથી બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ કલમ–૬૫ હેઠળ એન.એ કરવા માટે આપેલ સૈધ્ધાંતિક લેટરની ટ્રુ કોપી આપવા માહિતી આપવા બાબતની માંગણી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સદર પત્રની નકલ મેળવવા ફી પેટે રૂા.૨/– દિન–૩ માં ભરપાઈ કર્યેથી માંગ્યા મુજબની નકલો આપવામાં આવશે તેવું જણાવેલ. જે બાબતે અરજદારે અપીલ અરજીમાં ટ્રુ કોપી આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. સમગ્ર વિગતો જોતાં જાહેર માહિતી અધિકારીએ અપીલના મંદ્દા નં.૩,૫ અને ૬ ની આપેલ માહિતી ઉપલબ્ધ દફતરી વિગતે યોગ્ય હોઈ વિવાદને કોઈ સ્થાન નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં. ૭ ની ટ્રુ કોપી પૂરી પાડવા ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને મુદ્દા નં.૪ ની ટ્રુ કોપી પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)ને તથા મુદ્દા નં.૧ અંગે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. તેમ છતાં મુદ્દા નં.૨ તથા મુદ્દા નં.૫ અને ૬ અંગે અરજદાર ઈચ્છુક હોય તો લાગત દફતરનું ઈન્સ્પેકશન આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ મુજબ લાગુ કિસ્સામાં ફી ભરી મેળવી શકે છે. અરજદાર તરફથી ઈન્પેકશનની માંગણી થયેથી દિન–૭ માં ઈન્સ્પેકશન પુરું પાડવું અને થયેલ કાર્યવાહીની અત્રે જાણ કરવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તેમજ ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/ — ડે.કમિશ્નર(જનરલ),
તારીખ : –૧ –૧૦ — અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ), ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રીઆઈ જે. પટેલ, (એડવોકેટ)